

પાન : ૪ કિંમત રૂા.૧.૦૦ તા. ૨૯ ઓકટોબર, ૨૦૨૬, ગુરૂવાર

વડોદરાથી પ્રસિધ્ધ થતું દૈનિક

Page : 4 * Price : Rs. 1 * 29th October-2026, Thursday * Year : 12 * Volume : 195 * Published From Vadodara. (Guj.)

વડપ્રદ ટુડે

Vadprad Today

તંત્રીઃ ઉમેશ જયંતિલાલ જોબનપુત્રા વિક્રમ સંવત : ૨૦૮૨ માહે આસો વદ–૪ વર્ષ : ૧૨, અંક : ૧૯૫

RNI No. GUJGUJ/2015/61903 * Web. www.vadpradtoday.com * Email : vadpradtoday@gmail.com * Mo. +91 79840 12696 VDR (E) 342/2020-2023



એક કરોડથી વધુ કેન્દ્રીય કર્મચારીઓની કેબિનેટે દિવાળી સુધારી : જુલાઈથી વધારો લાગુ થશે : તિજોરી પર ૧૦,૦૧૬ કરોડનું ભારણ

કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો

નવીદિલ્હી, તા.૨૮

દિવાળીના તહેવાર પૂર્વે મોદી કેન્દ્ર સરકારે દેશના લાખો કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકો માટે ખુશીનો મોટો ધડાકો કર્યો છે. કેન્દ્રીય કેબિનેટે કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં ૩ ટકાના વધારાને મંજૂરી આપી દીધી છે, જેના કારણે હવે કુલ મોંઘવારી ભથ્થું ૬૦ ટકાથી વધીને ૬૩ ટકા થઈ ગયું છે. સરકારના આ નિર્ણયથી સરકારી તિજોરી પર વાર્ષિક રૂ.૧૦,૦૧૬ કરોડનો નાણાકીય બોજ પડશે. કેબિનેટ બેઠકમાં લેવાયેલા આ મહત્વપૂર્ણ નિર્ણય અંતર્ગત કન્ટેનર મેન્યુફેક્ચરિંગ પ્રમોશન સ્કીમ માટે રૂા. ૧૦,૦૦૦ કરોડ, પ્રધાન મંત્રી વિકસિત ગ્રામ સ્વરાજ યોજના માટે રૂા.૭,૩૯૫ કરોડ અને ખેલો ઇન્ડિયા સ્પોર્ટ્સ ગુડ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમ માટે રૂા.૧,૮૫૬ કરોડ સહિત કુલ રૂા. ૨૯,૨૬૭ કરોડના પ્રસ્તાવો પર મહોર મારવામાં આવી છે.રૂા.૧૮,૦૦૦ ની બેઝિક સેલરી પર (લેવલ ૧) અગાઉ ૬૦ ટકા લેખે રૂા.૧૦,૮૦૦ મળતા હતા, જે હવે ૬૩ ટકા લેખે રૂા.૧૧,૩૪૦ મળશે.જેથી દર મહિને રૂા.૫૪૦ અને વાર્ષિક રૂા. ૬,૪૮૦ નો સીધો ફાયદો થશે. રૂા.૨૧,૭૦૦ ની બેઝિક સેલરી પર (લેવલ ૩): માસિક રૂા.૬૫૧ અને વાર્ષિક રૂા.૭,૮૧૨ નો વધારો થશે.રૂા.૨૫,૫૦૦ ની બેઝિક સેલરી પર (લેવલ ૪): માસિક રૂા.૭૬૫ અને વાર્ષિક રૂા.૯,૧૮૦ નો ફાયદો થશે.રૂા. ૩૫,૪૦૦ ની બેઝિક સેલરી પર (લેવલ ૬): માસિક રૂા. ૧,૦૬૨ અને વાર્ષિક રૂા. ૧૨,૭૪૪ વધશે.રૂા.૪૪,૯૦૦ ની બેઝિક સેલરી પર (લેવલ ૭): માસિક રૂા. ૧,૩૪૭ અને વાર્ષિક રૂા. ૧૬,૧૬૪ નો લાભ મળશે.રૂા. ૫૬,૧૦૦ ની બેઝિક સેલરી પર (લેવલ ૧૦): અગાઉ મળતા રૂા. ૩૩,૬૬૦ ના બદલે હવે રૂા. ૩૫,૩૪૩ મળશે, એટલે કે માસિક રૂા.૧,૬૮૩ અને વાર્ષિક રૂા. ૨૦,૧૯૬ નો ફાયદો થશે.રૂા. ૧,૨૩,૧૦૦ ની

અનુ. પાન.. (૨) ઉપર

જીયો પ્લેટફોર્મનું શાનદાર લિસ્ટીંગે રોકાણકારોની દિવાળી સુધારી : બીજી મુલ્યવાન કંપની બની

મુંબઈ તા.૨૮

મુકેશ અંબાણીની ડિજિટલ સર્વિસ કંપની જિયો પ્લેટફોર્મ્સે બુધવારે શેરબજારમાં જોરદાર શરૂઆત કરી. લિસ્ટિંગ સમયે કંપનીના શેર ૨૧% થી વધુ પ્રીમિયમ પર ખુલ્યા. આ મજબૂત એન્ટ્રી સાથે, જિયો માર્કેટ કેપની દ્રષ્ટિએ ભારતની બીજી સૌથી મૂલ્યવાન કંપની બની ગઈ છે. હવે, સ્થાનિક શેરબજારમાં ફક્ત રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ જિયોથી આગળ છે. રોકાણકારો પહેલાથી જ કંપનીના લિસ્ટિંગ પર નજર રાખી રહ્યા હતા, કારણ કે તેના આઈપીઓને રેકોર્ડબ્રેક માંગ મળી હતી.જીઓ પ્લેટફોર્મના શેર રૂા.૧,૩૫૮ પર લિસ્ટ થયા, જે તેની રૂા.૧,૧૧૯ ની ઈશ્યુ કિમતથી ૨૧% વધુ છે. લિસ્ટિંગ સમારોહમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ભાવુક થઈ ગયા જ્યારે તેમના પુત્ર અનંતે જીઓની સફળતાની વાર્તા વર્ણવી. જીઓ પ્લેટફોર્મ્સનું માર્કેટ કેપ રૂા.૧૨.૫૦ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે, જે રિલાયન્સ પછી માર્કેટ કેપની દ્રષ્ટિએ દેશની બીજી સૌથી મોટી કંપની બની છે, જેની માર્કેટ કેપ રૂા.૧૬ લાખ કરોડ છે. એરટેલનું માર્કેટ કેપ રૂા.૧૨.૨૦ લાખ કરોડ છે. બીએસઈ અને એનએસઈ બંને પર જીઓ પ્લેટફોર્મના શેર રૂા.૧,૩૫૮ પર લિસ્ટ થયા. કંપનીનો આઈપીઓ ભાવ પ્રતિ શેર રૂા.૧,૧૧૯ હતો. આનો અર્થ એ થયો કે આઈપીઓમાં શેર ખરીદનારા રોકાણકારોને ટ્રેડિંગ શરૂ થતાં જ નોંધપાત્ર લિસ્ટિંગ લાભ મળ્યો. પ્રારંભિક ટ્રેડિંગ દરમિયાન કંપનીનું માર્કેટ કેપ આશરે રૂા.૧૨.૫૦ લાખ કરોડ સુધી પહોંચી ગયું. પાછળથી બીએસઈ પર શેર રૂા.૧,૩૫૭.૪૫ અને એનએસઈ પર રૂા.૧,૩૫૮.૧૦ પર ટ્રેડ થઈ રહ્યા હતા. લિસ્ટિંગ પછી, જીઓ પ્લેટફોર્મ્સે બજાર મૂડીકરણની દ્રષ્ટિએ ભારતી એરટેલને પાછળ છોડી દીધી. ઉપલબ્ધ માહિતી અનુસાર, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દેશની સૌથી મૂલ્યવાન કંપનીઓની યાદીમાં પ્રથમ ક્રમે છે. તેનું બજાર મૂડીકરણ આશરે રૂા.૧૫.૮૯ લાખ કરોડ છે. જીઓ પ્લેટફોર્મ્સનું બજાર મૂડીકરણ આશરે રૂા.૧૨.૫૦ લાખ કરોડ છે. ભારતી એરટેલ આશરે રૂા.૧૨.૦૫ લાખ કરોડના બજાર મૂડીકરણ સાથે ત્રીજા સ્થાને છે. એચડીએફસી બેંક, આશરે રૂા.૧૦.૪૨ લાખ કરોડ સાથે, અને આઈસીઆઈસીઆઈ બેંક, આશરે રૂા.૯.૮૦ લાખ કરોડ સાથે, ટોચના પાંચમાં સ્થાન ધરાવે છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને જીઓ પ્લેટફોર્મ્સનું સંયુક્ત બજાર મૂડીકરણ આશરે રૂા.૨૮.૪૦ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે.

વૈશ્વિક આંચકા ના લાગ્યા હોત તો જીડીપી આઠ ટકા હોત : રિઝર્વ બેન્ક

મુંબઈ, તા.૨૮

છેલ્લાં ત્રણ વર્ષથી દેશનું અર્થતંત્ર સતત વૈશ્વિક આંચકાઓ અને બાહ્ય પડકારોનો સામનો કરી રહ્યું છે, જેના કારણે વિકાસ ગતિ મર્યાદિત રહી છે. જો આ વૈશ્વિક વિપરીત પરિબળો ન નડ્યા હોત, તો ભારતનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિદર આઠ ટકા કરતા પણ વધુ રહ્યો હોત તેવું મહત્ત્વપૂર્ણ નિવેદન રિઝર્વ બેન્કનાં નાયબ ગવર્નર દ્વારા એક વિશેષ આર્થિક સંમેલન દરમિયાન આપવામાં આવ્યું છે. એક અગ્રણી વ્યાપારિક સંસ્થા દ્વારા આયોજિત વાર્ષિક સમિટમાં વાતચીત કરતા રિઝર્વ બેન્કનાં નાયબ ગવર્નર પૂનમ ગુપ્તાએ જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે પ્રવર્તતી અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારતે સાત ટકાથી વધુના મજબૂત દરથી વિકાસ સાધ્યો છે. તેમણે

અનુ. પાન.. (૨) ઉપર

નરસિંહજીની પોળ દલા પટેલની પોળમાં રહેતા સાધન સંપન્ન પરિવારની માતા-પુત્ર અને પુત્રીનો સામુહિક આપઘાત



(પ્રતિનિધિ) વડોદરા, તા.૨૮ : શહેરના નરસિંહજીની પોળ દલા પટેલની પોળમાં રહેતા સોની પરિવારના ત્રણ સભ્યોએ ઘરના અલગ -અલગ રૂમોમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ભારે ચકચાર મચી ગઈ હતી. પતિના અવસાન બાદ પુત્ર અને પુત્રીની સાથે જુના પાદરા રોડ પર આયુર્વેદિક હોસ્પિટલનું સંચાલન કરતા હતા. આર્થિક રીતે સધ્ધર અને સાધન સંપન્ન પરિવારના ત્રણ સભ્યોના આપઘાતે અનેક રહસ્યો સર્જ્યા છે. નરસિંહજીની પોળમાં આવેલી દલા પટેલની પોળમાં રહેતા સોની પરિવારના ૫૦ વર્ષીય માતાએ પોતાના પુત્ર અને પુત્રી સાથે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈને સામૂહિક આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. ગતરોજ બપોરના સમયે ૫૦ વર્ષીય માતા આરતીબેન સોની તેમનો મોટો પુત્ર નીલકંઠ સોની (૨૩) અને નાની પુત્રી જેની સોની(૨૦)એ એકસાથે જીવન ટૂંકાવ્યું હોવાની પ્રાથમિક માહિતી મળી છે. મૃતક આરતીબેન સોનીના પતિનું એક વર્ષ અગાઉ હાર્ટ એટેકના કારણે મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ત્રણેય મૃતદેહોનો કબજો સંભાળી આ સામૂહિક આત્મહત્યા પાછળના ચોક્કસ કારણો જાણવા સઘન તપાસ હાથ ધરી છે.નાયબ પોલીસ કમિશ્નર એન્ડુ મેકવાને આ ઘટના અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, પ્રાથમિક માહિતી મુજબ આરતીબેન સોની, તેમના પુત્ર નીલકંઠ અને પુત્રી ઝલક એમ એક જ પરિવારના ત્રણ સભ્યોએ અલગ-અલગ જગ્યાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. મૃતદેહોમાંથી દુર્ગંધ આવતી હોવાથી બનાવને થોડો સમય વીતી ગયો હોવાની શક્યતા છે પરંતુ, મૃત્યુનો ચોક્કસ સમય અને કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. હાલ ત્રણેય મૃતદેહોને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે અને ઘટનાસ્થળે સઘન સર્ચ કરી, પરિવારજનો તેમજ નિકટના સંપર્કોની પૂછપરછ હાથ ધરીને અકસ્માતે મોત કાગળો કરી આગળની કાયદેસરની તપાસ ચલાવવામાં આવી રહી છે. મૃતક સોની પરિવાર સાથે વ્યાપારી ભાગીદારી ધરાવતા કેતન શાહે ઘટના અંગે વિગત આપતાં જણાવ્યું હતું કે, તેઓ વ્યવસાયે સોના-ચાંદીના વેપારી છે અને છેલ્લા ૧૨-૧૩ વર્ષથી આ પરિવાર સાથે પારિવારિક સંબંધ ધરાવતા હતા. તેમણે દોઢ-બે વર્ષ પહેલાં સ્વ. ચેતનભાઈ સાથે મળીને ઓલ્ડ પાદરા રોડ ખાતે ઝેપ્સ હેલ્થ કેર નામની આયુર્વેદિક હોસ્પિટલ પ્રાઇવેટ લિમિટેડ ફર્મ તરીકે શરૂ કરી હતી. ચેતનભાઈના નિધન બાદ પુત્ર નીલકંઠ, માતા આરતીબેન અને પુત્રી જેની સોની હોસ્પિટલનું સમગ્ર સંચાલન સંભાળતાં હતાં. હોસ્પિટલમાં તમામ રોકાણ કેતનભાઈનું હતું, જ્યારે હિસાબ-કિતાબ અને સંચાલન આ ત્રણેય સભ્યો કરતા હતા અને તેમની વચ્ચે કોઈ નાણાકીય લેવડદેવડ કે આર્થિક વિવાદ કે મનદુઃખ નહોતું. તેમણે ઉમેર્યું કે, આ ઘટનાની જાણ થતા જ તેમણે તાત્કાલિક પરિવારના સભ્યો અને પોલીસને જાણ કરી હતી. ત્રણ-ચાર દિવસ પહેલાં જ તેમની હોસ્પિટલમાં નવા ૧૦ વિઝિટિંગ ડોક્ટર્સ રાખવા અંગે સામાન્ય વાતચીત થઈ હતી અને હોસ્પિટલનું કામકાજ પણ સારું ચાલતું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે નીલકંઠ સોની વધુ અભ્યાસ માટે કેનેડા ગયો હતો. પરંતુ તેના પિતાનું નિધન થતાં તે પરિવાર સાથે જ રહેતો હતો. મકાનમાંથી દુર્ગંધ આવતી હોવાને કારણે શંકા જતાં પડોશીઓએ જાણ કરી હતી. એવું પણ જાણવા મળે છે કે છેલ્લા બે દિવસથી પરિવારનો સભ્ય બહાર જોવા મળ્યો ન હતો. ઘટનાને પગલે પોલીસે એફએસએલની પણ મદદ લઈ ઘટનાના પૂરાવા એકત્ર કરવાના પ્રયાસો હાથ ધર્યા છે.

બાજવા ગામનો બે દિવસથી લાપતા બનેલા કિશોરનો ભીમપુરા કેનાલમાંથી મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.૨૮

શહેરના બાજવા ગામના નહેરુ નગરમાંથી રહસ્યમય સંજોગોમાં ગુમ થયેલા આયુષ શાક્યનો લાંબી શોધખોળ બાદ ભીમપુરા કેનાલમાંથી મળી આવતા પરિવારમાં ભારે આક્રંદ મચી ગયો છે અને સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ મામલે જવાહરનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આયુષ ગત ૨૬ તારીખે સાંજે ૬ વાગ્યે પોતાના ઘરેથી સાયકલ લઈને રમવા જાઉં છું તેવું કહી નીકળ્યો હતો બાદમાં તે પરત ફર્યો ન હતો. પરત ન ફરતા પરિવારે તેની શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમિયાન બાજવા રેલવે સ્ટેશન પાછળથી તેની સાયકલ મળી આવી હતી, જેના પગલે પરિવારે તાત્કાલિક



જવાહરનગર પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. આ દરમિયાન સોશિયલ મીડિયા પર અહેવાલ અને ફોટો વાયરલ થતાં જ છાણી કેનાલ પાસેથી આયુષના કપડાં પણ મળી આવ્યા હતા.જવાહરનગર પોલીસ અને ફતેગંજ પોલીસે સંયુક્ત રીતે સઘન તપાસ હાથ ધરી હતી. ફાયર બ્રિગેડના જવાનો દ્વારા કેનાલોમાં લાંબી શોધખોળ કરવામાં આવી હતી, જેના અંતે ભીમપુરા કેનાલમાંથી આયુષનો મૃતદેહ મળી આવ્યો હતો. જવાહરનગર પોલીસે પરિવારની હાજરીમાં મૃતદેહની ઓળખ કરી હતી અને હાલ આ અંગે જાણવા જોગ દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે.બાળકના મૃતદેહને મળ્યા બાદ પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પોસ્ટમોર્ટમની તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરિવારે મૃતદેહનો સ્વીકાર કર્યો હતો. આ દુઃખદ ઘટના બાદ પરિવારજનો મૃતદેહને લઈને અંતિમ વિધિ માટે પોતાના વતન તરફ રવાના થયા છે, જ્યારે પોલીસ સમગ્ર મામલે વધુ તપાસ ચલાવી રહી છે.

ગાંધીનગરમાં સીએમની સુરક્ષામાં ફરજ બજાવતા પોસઇનો જાતે ગોળી મારી આપઘાત

(પ્રતિનિધિ) અમદાવાદ, તા.૨૮

ગાંધીનગરમાં મુખ્યમંત્રી સુરક્ષામાં તૈનાત પીએસઆઈએ પોતાની જ સર્વિસ રિવોલ્વરથી ખૂદને ગોળી મારીને આત્મહત્યા કરીને જીવન ટૂંકાવી લીધું છે. આ ચકચારી ઘટનાને પગલે સમગ્ર પોલીસ બેડામાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ છે. પ્રાથમિક તપાસમાં કૌટુંબિક સમસ્યાઓના કારણે આ પગલું ભર્યું હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. ગાંધીનગર સેક્ટર ૨૧ પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ ૨૦૧૭ બેચના પીએસઆઈ તન્વીરસિંહ જે. ઝાલાએ પોલીસ કોલોનીમાં પોતાની સર્વિસ રિવોલ્વરથી માથાના ભાગે અચાનક ફાયરિંગ કર્યું હતું. ગોળી વાગતાં જ તેમને ગંભીર ઇજા પહોંચી હતી. આ કારણે તેઓ ઘટનાસ્થળે જ ઢળી પડ્યા હતા. ગોળીનો અવાજ સાંભળીને આસપાસના લોકો તેમજ સાથી કર્મચારીઓ દોડી આવ્યા હતા. જોકે સારવાર મળે તે પહેલાં જ તેમનું મૃત્યુ થયું હતું. ઘટના બાદ પીએસઆઈ ટી.જે. ઝાલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. હાલ પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક તારણ મુજબ પીએસઆઈ ઝાલા અંગત કે પારિવારિક કંકાસનો

અનુ. પાન.. (૨) ઉપર

વડાપ્રધાન મોદીની ઉપસ્થિતિમાં ૩૦મીએ બનાસકાંઠા ખાતે પીએમ કિસાન દિવસ ઉજવાશે

(પ્રતિનિધિ) અમદાવાદ, તા.૨૮

આગામી ૩૦મી, અને ૩૧મી, ઓક્ટોબરે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે ત્યારે, બનાસકાંઠાના ભીલડી ખાતે વડાપ્રધાનની અધ્યક્ષતામાં 'પીએમ કિસાન ઉત્સવ દિવસ' કાર્યક્રમ ઉજવવાનું નક્કી કરાયું છે. જેમાં વડાપ્રધાનના હસ્તે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના ૨૪મા હમાની રકમ દેશભરના ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. આ ૨૪માં હમા હેઠળ સમગ્ર દેશના ૯.૩૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧૮,૬૮૦ કરોડથી વધુની સહાય મળશે. જે પૈકી એકલા ગુજરાતના ૫૨.૩૩ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧૦૫૧ કરોડથી વધુની આર્થિક સહાય પ્રાપ્ત થશે. આ અગાઉ ૧ થી ૨૩ હમાઓ દ્વારા દેશના ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારોને કુલ રૂ. ૪,૪૭,૦૦૦ કરોડથી વધુ તથા ગુજરાતના ૬૯.૨૬ લાખથી વધુ લાભાર્થી ખેડૂતોને રૂ. ૨૪,૧૩૭ કરોડથી વધુની રકમ ચૂકવવામાં આવી ચૂકી છે. કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભીલડી ખાતે આયોજિત આ રાષ્ટ્રીય કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાનના હસ્તે કૃષિ અને પશુપાલન ક્ષેત્રે અનેક મહત્વના પ્રકલ્પોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત સંપન્ન થશે. જેમાં રૂ. ૩૨૮.૭૭ કરોડના ખર્ચે તૈયાર 'ભારત બોવાઇન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર'નું લોકાર્પણ, બનાસ ડેરીના થરાદ અને રાધનપુર ખાતે નવા ૨ કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટનું ભૂમિપૂજન તથા બનાસ ડેરીના નવા પોટેટો એક્સપાન્શન અને UHT-ASRSનું ઈ-લોકાર્પણ સમાવિષ્ટ છે. આ રાષ્ટ્રીય કાર્યક્રમનું સમગ્ર દેશ તથા ગુજરાતના ખૂણે-ખૂણામાં જીવંત પ્રસારણ કરાશે. ગુજરાત રાજ્યમાં ૩૪ જિલ્લા કક્ષાના તેમજ ૨૧૦૦થી વધુ ક્લસ્ટર કક્ષાના કાર્યક્રમો યોજાશે. જેમાં વિવિધ મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, પદાધિકારીઓ, કૃષિ વૈજ્ઞાનિકો અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમો દરમિયાન સ્થળ પર જ કૃષિ અને બાગાયત વિભાગની વિવિધ યોજનાઓના મંજૂરી પત્રોનું લાભાર્થી ખેડૂતોને વિતરણ કરાશે.

વૈષ્ણવી શર્માની બોલીંગ સામે ઝિમ્બાબ્વેની ટીમ ઘુંટણીયે પડી

ભારતીય મહિલા ટીમે ત્રીજી વન-ડેમાં ઝિમ્બાબ્વેને આઠ વિકેટે હરાવી વ્હાઈટ વોશ કર્યો : પ્રતિકા રાવલ પ્લેયર ઓફ ધ સિરીઝ

(પ્રતિનિધિ) વડોદરા, તા.૨૮

કોટંબી સ્થિત બીસીએ સ્ટેડિયમમાં રમાયેલી ત્રીજી અને અંતિમ વનડેમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઝિમ્બાબ્વેને આઠ વિકેટે હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરનાર ઝિમ્બાબ્વેને ૩૯.૫ ઓવરમાં ૧૩૧ રનમાં ઓલઆઉટ કર્યા બાદ ભારતે માત્ર ૧૭ ઓવરમાં બે વિકેટે ૧૩૩ રન બનાવી ૩૩ ઓવર બાકી રાખીને વિજય મેળવ્યો હતો. ભારતના વિજયમાં ડાબોડી સ્પિનર વૈષ્ણવી શર્માની ભૂમિકા નિર્ણાયક રહી હતી. તેણે ૧૦ ઓવરમાં એક મેઇડન સાથે ૩૯ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. વનડે કારકિર્દીનો પ્રથમ પાંચ વિકેટનો હોલ નોંધાવનાર વૈષ્ણવીને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો હતો. ક્રાંતિ ગૌડે ૨૩ રનમાં અને સાયલી સાતઘરેએ ૧૧ રનમાં બે-બે વિકેટ મેળવી હતી.લક્ષ્યનો પીછો કરતાં પ્રતીકા



રાવલે ૫૬ બોલમાં અણનમ ૫૯ રન બનાવી ઇનિંગ્સને સંભાળી હતી. શેફાલી વર્માએ માત્ર ૨૬ બોલમાં અણનમ ૫૧ રનની આક્રમક ઇનિંગ્સ રમી હતી. તેણે છગ્ગા સાથે પોતાની અડધી સદી પૂર્ણ કરવાની સાથે ભારતને જીત અપાવી હતી. આ સફળતા સાથે સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળ ભારતીય ટીમે ૨૩થી ૨૮ ઓક્ટોબર દરમિયાન રમાયેલી ત્રણ મેચની વનડે સિરીઝમાં ૩૦થી ક્લીન સ્વીપ નોંધાવ્યો હતો. અનુભવી ખેલાડીઓ અને યુવા પ્રતિભાઓના સંયુક્ત યોગદાનથી યજમાન ટીમે બેટિંગ અને બોલિંગ બંનેમાં પોતાનું પ્રભુત્વ જાળવ્યું હતું.સમગ્ર સિરીઝમાં પ્રતીકા રાવલ ભારત તરફથી સૌથી વધુ રન બનાવનાર ખેલાડી રહી હતી. તેણે એક સદી અને બે અડધી સદી સાથે કુલ ૨૨૦ રન નોંધાવ્યા હતા. ત્રણ ઇનિંગ્સમાંથી બેમાં અણનમ રહેલી પ્રતીકાને સાતત્યપૂર્ણ પ્રદર્શન બદલ પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવી હતી. હરમનપ્રીત કૌરે બેટિંગની મળેલી એકમાત્ર તકમાં ૧૨૬ રન બનાવી મધ્યક્રમને મજબૂતી આપી હતી. શેફાલી વર્માએ બે અડધી સદી સાથે કુલ ૧૨૩ રન ફટકાર્યા હતા. દીપ્તિ શર્માએ અણનમ ૧૦૬ રન બનાવવાની સાથે ત્રણ મેચમાં કુલ પાંચ વિકેટ ઝડપીને ઓલરાઉન્ડ યોગદાન આપ્યું હતું.બોલિંગમાં વૈષ્ણવી શર્મા બે મેચમાં કુલ નવ વિકેટ સાથે સૌથી સફળ રહી હતી. તેણે સિરીઝમાં ૭૮ રન આપ્યા હતા અને તેની બોલિંગ સરેરાશ ૮.૬૭ રહી હતી. શ્રીચરણી અને ક્રાંતિ ગૌડે બે-બે મેચમાં પાંચ-પાંચ વિકેટ મેળવી હતી. ભારતીય બોલરોના સંયુક્ત આક્રમણ સામે ઝિમ્બાબ્વે ત્રણેય મુકાબલામાં ઓલઆઉટ થયું હતું.

સયાજી હોટેલ્સ (પુણે) લીમીટેડ

CIN : L55204GJ2018PLC161133

રજીસ્ટર્ડ ઓફીસ : કાલા ઘોડા સર્કલ પાસે, સયાજીગંજ, વડોદરા, ગુજરાત- 390020, ભારત

ફોન: 0731-4006666, ઈમેલ આઈડી: cs@shplpune.com, વેબસાઈટ: www.shplpune.com

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક ગાળા માટેના અપરિક્ષિત સ્ટેન્ડઅલોન અને સંકલિત નાણાકીય પરિણામોનો સારાંશ

(₹ in Lakhs except figures of EPS)

S. No.	Particulars	Standalone			Consolidated		
		Quarter Ended 30.09.2026 (Unaudited)	Quarter Ended 30.09.2025 (Unaudited)	Half Year Ended 30.09.2026 (Unaudited)	Quarter Ended 30.09.2026 (Unaudited)	Quarter Ended 30.09.2025 (Unaudited)	Half Year Ended 30.09.2026 (Unaudited)
1	કામગીરીમાંથી કુલ આવક (યોખ્ખી)	1,953.33	1,883.30	3,963.47	1,953.32	1,883.30	3,963.47
2	સમયગાળા માટે યોખ્ખો નફો / (નુકસાન) (કર, અસાધારણ અને / અથવા વિશિષ્ટ બાબતો પહેલાં)	629.75	609.66	1,409.21	597.83	602.99	1,376.83
3	કર પૂર્વેના સમયગાળા માટેનો યોખ્ખો નફો / (નુકસાન) (અસાધારણ અને / અથવા વિશિષ્ટ બાબતો પછી)	629.75	609.66	1,409.21	597.83	602.99	1,376.83
4	કર બાદ સમયગાળા માટે યોખ્ખો નફો / (નુકસાન) (અસાધારણ અને / અથવા વિશિષ્ટ બાબતો પછી)	451.88	538.32	1,046.63	419.74	533.40	1,014.15
5	સમયગાળા માટેની કુલ સર્વગ્રાહી આવક [જેમાં સમયગાળાનો નફો / (નુકસાન) (કર બાદ) અને અન્ય સર્વગ્રાહી આવક (કર બાદ)નો સમાવેશ થાય છે]	447.80	539.76	1,042.31	415.67	534.84	1,009.83
6	ઇક્વિટી શેર મૂડી	304.66	304.66	304.66	304.66	304.66	304.66
7	પાછલા વર્ષના ઓડિટ થયેલા પાકા સરવૈયામાં દર્શાવ્યા મુજબના અનામતો (પુનઃમૂલ્યાંકન અનામત સિવાય)	-	-	-	-	-	-
8	શેર દીઠ આવક (પ્રત્યેક ₹ ૧૦/- ના) (ચાલુ અને બંધ થયેલી કામગીરી માટે) બેઝિક : ડાયલ્યુટેડ :	14.83 14.83	17.67 17.67	34.35 34.35	13.78 13.78	17.51 17.51	33.29 33.29

નોંધ: ઉપર જણાવેલ વિગતો, SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમ ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં દાખલ કરવામાં આવેલા ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થતા ત્રિમાસિક અને અર્ધ-વાર્ષિક ગાળાના નાણાકીય પરિણામોના વિસ્તૃત ફોર્મેટનો એક અંશ છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થતા ત્રિમાસિક અને અર્ધ-વાર્ષિક ગાળાના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ **www.bseindia.com** અને કંપનીની વેબસાઇટ **www.shplpune.com** પર ઉપલબ્ધ છે. આ ઉપરાંત, નીચે આપેલા QR કોડને સ્કેન કરીને પણ તેને જોઈ શકાય છે.

સ્થળ: વડોદરા
તારીખ: 28.10.2026

બોર્ડના આદેશથી
સયાજી હોટેલ્સ (પુણે) લીમીટેડ માટે
સહી/-
અભય ચિંતામન ચૌધરી
અધ્યક્ષ